નસીબદાર દોડવીર


બર્નાર્ડ વાઈસમેન



નસીબદાર દોડવીર





બર્નાર્ડ વાઈસમેન



નસીબદાર દોડવીર

બર્નાર્ડ વાઈસમેન





નસીબદાર દોડવીર

દોડ લગભગ પૂરી થઈ ચુકી હતી.
બડી બાર્ન્સ ત્રીજા સ્થાન પર હતો.
એના મિત્ર ચબ સ્મિથે બૂમ પાડી,
"દોડ મિત્ર! હજી તેજી થી દોડ!"



બડી વધારે તેજી થી દોડયો.

એણે વેગીલી દોડ પકડી.

એણે બોબો કેમ્પબેલ ને પાછળ છોડી દીધો

અને બીજા સ્થાને આવી ગયો.

હોવિ હેઇન્સ પહેલા સ્થાન પર હતો.


હોવિએ અંતિમ તબક્કા માટે વેગીલી દોડ પકડી.

બડીએ વધારે વેગીલી દોડ પકડી.

એ હોવિ થી આગળ નીકળી ગયો અને રેસ જીતી ગયો.




ચબ આવ્યો અને
બડી ની પીઠ પર ધબ્બો માર્યો.
"વાહ!" ચબ મોટેથી બોલ્યો.
"તું ફરીથી જીતી ગયો!
તું એક મહાન દોડવીર છે."
તેજ દોડવાથી બડી નો શ્વાસ ફૂલી ગયો હતો.
એ એના મિત્ર સાથે વાત ન કરી શક્યો.
પણ એણે સ્મિત કર્યું
અને એણે એના મોજા તરફ ઈશારો કર્યો.






ચબ હસ્યો.
પછી એણે પૂછ્યું,
"તને ખરેખર એવું લાગે છે કે તું
તારા મોજા ને લીધે જીતે છે?"
બડી નો શ્વાસ હેઠો બેઠો.
હવે એ વાત કરી શકતો હતો.
અને એણે કહ્યું, "મને ખાતરી છે!
મેં આ મોજા બધી જ રેસ માં
પહેર્યા છે જે હું જીત્યો છું.
મને લાગે છે કે આ મોજા
મારે માટે નસીબદાર છે!"

"ઓહ," ચબે કહ્યું, " એ તો મૂર્ખતાપૂર્ણ વાત છે.
તું એટલે જીત્યો કારણકે
તું એક સારો દોડવીર છે."
બડી એ કહ્યું, "ઠીક છે, એ હોઈ શકે છે.
પણ હું કોઈ જોખમ લેવા નથી માંગતો.
હું હંમેશા મારા ભાગ્યશાળી મોજા
પહેરીને જ રેસ માં દોડીશ."





કોચ બાળકો પાસે આવ્યો.
"એ એક તેજ દોડ હતી, બડી.
તું વધુ ને વધુ સારો દોડવીર થતો જાય છે.
હું ઈચ્છું છું કે તું અડધા માઈલ વાળી રેસ માં પણ ભાગ લે
જે આવતા મહિને મોટા મેદાન માં થશે."



"અરે વાહ!" ચબ મોટેથી બોલ્યો.

"એ પ્રતિસ્પર્ધા તો

રાજ્ય ચેમ્પિયનશિપ માટે છે!

એમાં તો રાજ્ય ના સૌથી શ્રેષ્ઠ દોડવીર હશે."

"હા," કોચે કહ્યું.

"પણ મને લાગે છે કે એમાં પણ

બડી ને જીતવાની તક છે.

એ એક સારો દોડવીર છે.

એ જીતવા ની ઈચ્છા રાખે છે,

અને એ એના માટે બહુ મહેનત કરે છે."

બડી એ ચબ ને ધીમા અવાજે કહ્યું,

"અને મારી પાસે મારા ભાગ્યશાળી મોજા છે!"

"બડી," કોચે કહ્યું,

"હું ઈચ્છું છું કે તું આગામી રેસ,

દોડવાના બૂટ પહેરીને દોડે."


"દોડવાના બૂટ!" ચબે બૂમ પાડી.

"અસલી દોડવાના બૂટ!"

કોચ બડી માટે એક જોડ

દોડવાના બૂટ લેવા ગયો.





"મારી પાસે નવા મોજા છે, કોચ," બડી એ કહ્યું.

"વાસ્તવ માં મારી પાસે ઘણા મોજા ની જોડ છે.

પણ આ મારા ભાગ્યશાળી મોજા છે!

આ મોજા મને જીતવામાં મદદ કરે છે."

એ સાંભળીને કોચ હસવા લાગ્યો.

પછી કોચે કહ્યું, "જો, તું રેસ એટલા માટે

જીતે છે કારણકે તું એક સારો દોડવીર છે.

મને નથી લાગતું કે જીતવામાં મોજા એ

તારી કોઈ મદદ કરી હોય."

"આ પહેરીને જો," કોચે કહ્યું.

"શું તને બરાબર થાય છે?"

બડી એ એના બૂટ કાઢ્યા.


"બડી!" કોચે બૂમ પાડી.

"તારા મોજામાં તો કાણા પડયા છે!

તારા પગ ની આંગળીઓ ફાટેલા મોજા માં થી બહાર નીકળી રહી છે!

શું તારી પાસે બીજા મોજા નથી?"





બીજે દિવસે દોડવાની પ્રેક્ટિસ માં,

બડી એ એના નવા દોડવાના બૂટ અજમાવ્યા.

કોચે પૂછ્યું,

"અચ્છા, તને નવા બૂટ કેવા લાગ્યા?"

"એ પહેરીને મને બહુ સારું લાગે છે!"

બડી એ કહ્યું.

"અને એ પહેરીને હું વધારે તેજી થી દોડી શકું છું."






બડી એ બહુ મહેનત કરી.
એણે પગ ના સ્નાયુ ને ખેંચવા
માટે વ્યાયામ કર્યો.



ચબે બૂમ પાડી, "વાહ બડી!
હવે મને લાગે છે તું
મોટી ટ્રેક વાળી રેસ પણ જીતીશ!"
બડી એ કહ્યું, "કદાચ,
જો મારા ભાગ્યશાળી મોજાએ મને સાથ આપ્યો."
કોચે કહ્યું, "બડી, તારે બસ એટલું કરવાનું છે કે
તારે કઠણ અભ્યાસ કરવાનો છે.
તું એ મોજા વિષે જરા પણ ચિંતા નહીં કર."





એના ફેફસા ને મજબૂત

કરવા એ લાંબા અંતર સુધી દોડયો.



એ એની ગતિ

વધારવા નાના અંતર

સુધી દોડયો.




આ અભ્યાસ થી બડી ને, અડધા માઈલ વાળી રેસ માં તેજી થી દોડવાની મદદ મળી.

જેટલી વાર એ દોડયો, તો પહેલા થી વધારે તેજી થી દોડયો.

કોચે બડી ને કહ્યું, "તે કઠણ અભ્યાસ કર્યો છે.

મને લાગે છે કે તું અડધા માઈલ વાળી રેસ ની

રાજ્ય ચેમ્પિયનશિપ જીતીશ."



રેસ ના એક દિવસ પહેલા, ચબે બડી ને પૂછ્યું,

"તને કેવું લાગે છે?

શું તું દોડવા તૈયાર છે?"

"હા, હું રેસ માટે તૈયાર છું!" બડી એ કહ્યું.

"હું એ દિવસે મારા ભાગ્યશાળી મોજા પહેરીશ.

પછી હું દોડીશ, અને રેસ જીતીશ!"



રેસ નો દિવસ આવ્યો.

એ શનિવાર હતો અને બડી ઘણો વહેલો ઉઠી ગયો હતો.

એણે નાસ્તો પૂરો જ કર્યો હતો કે બહાર થી હોર્ન નો અવાજ આવ્યો.

"મારે જવું પડશે," બડી એ કહ્યું.

"કોચ મને લેવા આવ્યા છે.

એ મને ટ્રેક પર લઈ જશે જેથી હું થોડી કસરત કરીને

મારા શરીર ને ઢીલું કરી શકું."



રાજ્ય ચેમ્પિયનશિપ એક મોટા સ્ટેડિયમ ના ટ્રેક માં આયોજિત કરવામાં આવી હતી.

બડી ને એ જોઈને આશ્ચર્ય થયું કે ત્યાં પહેલેથી જ કેટલા બધા લોકો હતા.



બડી ની માઁ એ કહ્યું,

"આ રહી તારી બેગ જેમાં તારી દોડવાની વસ્તુઓ છે.

શુભેચ્છા!"

બડી ના પિતા એ કહ્યું,

"હું મારી દાઢી પૂરી કરી ચુક્યો છું.

આપણે જલ્દી પહોંચીશું.

અમે તને દોડતો જોવા ત્યાં હાજર હોઈશું.

શુભેચ્છા, દીકરા!"



લોકર રૂમ, કપડાં બદલવાવાળા ધાવકો થી ભર્યો હતો. બડી ને એક ખાલી લોકર મળ્યું, અને એ એના કપડાં બદલવા લાગ્યો.

જયારે એણે એની દોડવાના સામાન ની બેગ ખોલી તો એના નસીબદાર મોજા એમાં ન હતા.
એને બદલે, એને એક ચિઠ્ઠી મળી.





બડી પબ્લિક ટેલિફોન તરફ દોડયો.

"ઓહ્હહ-" એણે ધીમા અવાજે કહ્યું.

"હું આશા કરું છું કે એ લોકો હજી નીકળ્યા ન હોય!"

એના પિતા એ ફોન ઉપાડયો.

"પાપા! પાપા!" બડી એ ચીસ પાડી.

"માઁ એ મારી બેગ માં નવા મોજા ભરી દીધા છે.

એણે મારા ભાગ્યશાળી મોજા કાઢી લીધા છે!"

"શું!," એના પિતા એ કહ્યું.

બડી એ સમજાવ્યું અને કહ્યું,

"કૃપા કરીને, પિતાજી, માઁ ને કહો કે

મારા ભાગ્યશાળી મોજા લેતા આવે.

એના વગર હું જીતી નહીં શકું."

બીજા ધાવકો કપડાં બદલી ને લોકર રૂમ ની બહાર ગયા.

બડી એકલો ત્યાં રહ્યો.

એણે ત્યાં જ થોડી કસરત કરીને શરીર ને ઢીલું કર્યું.





કોચ દોડીને અંદર આવ્યો.

"બડી!" એણે બૂમ પાડી.

"તું અહીં શું કરે છે? તેં તારા દોડવાના બૂટ કેમ પહેર્યા નથી?

જો, થોડી વાર માં તારી રેસ શરુ થશે!"

ત્યાં ચબ દોડીને અંદર આવ્યો.

એણે બડી તરફ એક કાગળ ની બેગ લંબાવી.


"આ લે," ચબે કહ્યું.

"તારી માઁ એ તને આ આપવાનું કહ્યું છે."

બડી એ બૂમ પાડી, "હુર્રે!

મારી પાસે મારા ભાગ્યશાળી મોજા છે!

હું તુરંત બહાર આવું છું, કોચ."



બડી બીજા ધાવકો સાથે લાઈન માં ઉભો રહી ગયો.

પ્રારંભકે બૂમ પાડી,

"તૈયાર રહો!"

બધા દોડવીરો એ એવું કર્યું જે અડધો માઈલ દોડનારા કરે છે.

એમણે પોતાનો એક પગ પાછળ રાખ્યો.

પછી એ થોડા આગળ તરફ ઝૂક્યા.


પ્રારંભકે બૂમ પાડી,

"તૈયાર થઈ જાઓ!"

અને ધાવકો થોડા વધારે આગળ ઝૂક્યા.









પ્રારંભકે બૂમ પાડી,

"ભાગો!" અને એણે એની પિસ્તોલ માં થી ગોળી ચલાવી.


અડધા માઈલ ની દોડ શરુ થઈ.

ધાવકો ને ટ્રેક ના બે ચક્કર લગાવવાના હતા.

પહેલા વળાંક પર બડી ઘણો પાછળ હતો.

મોટા ભાગ ના ધાવકો એનાથી આગળ હતા.

બાકી ધાવકો એ બહુ તેજ શરૂઆત કરી હતી.



પણ થોડા સમય પછી ધાવકો થાકવા લાગ્યા હતા.

પણ બડી બિલકુલ થાક્યો ન હતો. એણે બહુ મહેનત કરી હતી.

એ એની આગળ ના ધાવકો ની આગળ નીકળવા લાગ્યો.

પછી એ ચોથા સ્થાનવાળા ધાવક થી આગળ નીકળી ગયો.

એ પછી ત્રીજા સ્થાનવાળા ધાવક થી પણ.





હવે બડી થી ફક્ત બે ધાવક આગળ હતા.

પણ એ બહુ આગળ હતા, અને દોડ લગભગ પૂરી થવાની હતી.

ચબે પ્રોત્સાહન વધારવા માટે બૂમ પાડી, "દોડ, દોસ્ત!"





બડી ના પિતા એ બૂમ પાડી,

"દોડ, બેટા!"

બડી ની માઁ એ બૂમ પાડી,

"જીતી જજે, બડી!

જીતી જજે! જીતી જજે! જીતી જજે!"



બડી એ તેજી થી દોડવાનું શરુ
કર્યું.

એ બીજા સ્થાનવાળા ધાવક

થી પણ આગળ નીકળી ગયો.

હવે કેવળ એક ધાવક જ એના થી

આગળ હતો.

બડી એની સાથે થઈ ગયો.

એ બંને, સાથે-સાથે અંતિમ રેખા
તરફ તેજી થી દોડવા લાગ્યા.

પૂરું થવાના થોડા જ અંતરે બીજો

છોકરો ધીમો થઈ ગયો.

બડી દોડતો રહ્યો અને એ દોડ
જીતી ગયો!



ચબે બડી ની પીઠ થપથપાવી.

"વાહ!" ચબે કહ્યું.

"શું સરસ દોડ હતી!"

બડી ને માઁ એ એને આલિંગન આપ્યું.

એના પિતા એ બડી સાથે હાથ મિલાવ્યા.





ત્યાં કોચ આવ્યો. કોચે બડી સાથે હાથ મિલાવ્યો.

"બહુ શાનદાર રેસ!" કોચે કહ્યું.

"તું હવે અડધા માઈલ વાળી રેસ નો રાજ્ય ચેમ્પિયન છે."

બડી એ કહ્યું,

"મને ખુશી છે કે મેં મારા ભાગ્યશાળી મોજા પહેર્યા હતા."

પછી બડી એ એના પગ તરફ નીચે જોયું.



બડી ની માઁ એ કહ્યું,

"જો, તારા પિતા એ મને કહ્યું કે

તું તારા જૂના મોજા ચાહે છે.

તારી પાસે ઘણા જૂના મોજા છે.

મેં એમાંથી જ એક જોડી મોજા મોકલાવી આપ્યા."

આ સાંભળી ને કોચ હસ્યા.



"અરે નહીં!" બડી એ ચીસ પાડી.

"મારા ભાગ્યશાળી મોજા પર તો એક લાલ પટ્ટી હતી!

આની ઉપર તો કાળી પટ્ટી છે!

મેં મોજા ઉતાવળ માં પહેર્યા.

મેં સારી રીતે એને જોયા પણ નહીં."

પછી એણે કહ્યું, "બડી, સાંભળ.

રેસ જીતવા માટે ક્યારેય કોઈ ને

ભાગ્યશાળી મોજા ની જરૂર પડતી નથી.

કોઈ રેસ એટલે જીતે છે કે એ એના માટે કઠણ
અભ્યાસ કરે છે, અને એ રેસ જીતવા ચાહે છે,

અને એ એક ચેમ્પિયન છે."





પછી બડી ને એક મોટો ચાંદી નો કપ મળ્યો.

અને એના પિતા એ કહ્યું, "બધા સાંભળો,



મેં પાસે જ ગલી માં એક પિઝા સ્ટોર જોયો છે.

શું તમે બધા પિઝા ખાવાનું પસંદ કરશો?"

ચબે બૂમ પાડી, "જરૂર!

મને પિઝા બહુ પસંદ છે!

બડી, જલ્દી કર અને કપડાં બદલ.

હું તારી સાથે પિઝા સ્ટોર સુધી રેસ લગાવીશ!"

અને બધા હસી પડયા.